નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ –મેઈલ : dir-sd@gujarat. gov.in

---

**નં.સસુખા/અપગ/૨૦૧૮-૧૯/ ૫૧૭૬** તા.૦૩/૦૮/૨૦૧૮

**પરીપત્ર/ સુગમ્ય ભારત અભિયાન**

**વિષય:- સુગમ્ય ભારત અભિયાન હેઠળ જાહેર જગ્યાઓ/સરકારી ઈમારતોને સુગમ્ય કરવાની કાર્યવાહી પુર્ણ થતાં ઉદ્‌ઘાટન/ લોકાપર્ણ દિવ્યાંગો દ્વારા કરાવવા બાબત.**

**સંદર્ભ:- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ફા.ક્ર:અપગ/૧૦૨૦૧૭/ ૫૮૯૪૩૧/પાર્ટ-૧/ છ-૧ તા-૧૦/૦૧/૨૦૧૮**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રગતિ બેઠક હેઠળ માન. વડાપ્રધાનશ્રીના કાર્યાલય દ્વારા સુગમ્ય ભારત અભિયાનનું મોનીટરીંગ કરવામાં આવે છે. સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત છેલ્લે યોજાયેલ પ્રગતિ બેઠકમાં માન.વડાપ્રધાનશ્રી દ્વારા રાજયના દરેક જિલ્લામાં જે તે જાહેર જગ્યાઓ/સરકારી ઈમારતોને સુગમ્ય બનાવવાની કાર્યવાહી પુર્ણ થયેથી સદર સુધારા વધારા કર્યા બાદની જાહેર જગ્યાઓ/સરકારી ઈમારતોનું લોકાર્પણ/ઉદ્‌ઘાટન દિવ્યાંગ વ્યક્તિ દ્વારા કરવામાં આવે તે મુજબનું સુચન કરેલ છે. જેથી આપના જિલ્લાની જાહેર જગ્યાઓ/સરકારી ઈમારતોને સુગમ્ય બનાવવાની કાર્યવાહી પુર્ણ થતાં સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી અથવા અધિકારીશ્રી તરફથી પૃચ્છા થયેથી આપના જિલ્લાના દિવ્યાંગ વ્યક્તિઓના નામોની ભલામણો સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી અથવા અધિકારીશ્રીને મોકલી આપવા જણાવવામાં આવે છે. અને સદર લોકાર્પણ/ઉદ્‌ઘાટન કાર્યક્રમના ફોટોગ્રાફ અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,
સર્વે .

નકલ સવિનય રવાના:-
(૧)નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં-૫ , ગાંધીનગરને જાણ સારૂ.
(૨)નાયબ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં-૧૪, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગરને સારૂ.